| **Headline:** NSE to launch Indian Sector futures on Singapore Exchange | |
|---|---|
| **Source:** Gujarat Samachar | **Date:** 17 March 2016 |

# NSE અને SGX દ્વારા ભારતીય ક્ષેત્રના ઈન્ડેક્સ ફ્યુચર્સના સોદા શરૂ કરાશે

મુંબઈ તા.૧૬

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ગ્રુપની કંપની ઈન્ડેક્સ સર્વિસિઝ એન્ડ પ્રોડક્ટસ લિમિટેડ (આઈઆઈએસએલ) અને સિંગાપુર એક્સચેન્જ (એસજીએક્સ) દ્વારા એસજીએક્સ પર ભારતીય ક્ષેત્રના વિશિષ્ટ ઈન્ડેક્સ ફ્યુચર્સ સોદા શરૂ કરવાનો તેમનો હેતુ જાહેર કર્યો છે. ભારતીય ક્ષેત્રના ઈન્ડાઈસીસ ભારતની બહાર ડેરિવેટીવ્ઝ શરૂ કરવાની આ પ્રથમ પહેલ છે. એસજીએક્સ ખાસ કરીને એસજીએક્સ નિફટી બેન્ક ફ્યુચર્સ, એસજીએક્સ નિફટી આઈટી ઈન્ડેક્સ ફ્યુચર્સ, એસજીએક્સ નિફટી સીપીએસઈ ઈન્ડેક્સ ફ્યુચર્સ અને એસજીએક્સ નિફટી મિડકેપ ૫૦ ઈન્ડેક્સ ફ્યુચર્સ સહિત આઈઆઈએસએલના સેકટર ઈન્ડાઈસીસ પર આધારિત ચાર યુએસડી-મૂલ્યના ઈન્ડેક્સ ફ્યુચર્સ સોદા લિસ્ટ કરશે. આ સેકટર ઈન્ડેક્સ ફ્યુચર્સ સોદાની શરૂઆતને લીધે એસજીએક્સની ભારતીય પ્રોડક્ટની ઓફર વધુ મજબૂત બનવા સાથે દરિયાપારના રોકાણકારોને દુનિયાની સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી અર્થવ્યવસ્થાના મુખ્ય વૃદ્ધિ પામતા ક્ષેત્રોમાં વિશિષ્ટ ટ્રેડીંગની તકો મળશે.

એનએસઈના મેનેજીંગ ડિરેકટર અને સીઈઓ ચિત્રા રામકૃષ્ણે જણાવ્યું હતું કે, એસજીએક્સ સાથે અમારા સંબંધો વિસ્તારવામાં અને એસજીએક્સની નિફટી પ્રોડકટની શ્રેણીના વિસ્તરણને ટેકો આપવાની અમને ખુશી છે. ભારતમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના એકધાર્યા સહભાગ સાથે તે સુમેળ સાધે છે.